# જન્મદિને વધામણી



એમ કે દલસાણિયા
ટ્રસ્ટી, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ



પ્રકાશ એચ શાહ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. : ૯૯૭૮૪ ૦૬૫૩૪



કાન્તિલાલ ટી ત્રિવેદી
મો. ૯૪૨૮૬ ૦૬૬૮૩



ઉન્નતિ ઉમાકાંતભાઈ
મો. ૭૩૮૩૪ ૩૯૯૧૮



ગીતાબેન મુકેશભાઈ વેદ
મો. ૯૬૮૭૭૭૨૨૨૨

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં
# રંગોળી અને બર્થ-ડે કેક મેકિંગ સ્પર્ધા યોજાઈ





દિવાળીના તહેવારો નજીક આવી રહ્યાછે ત્યારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં ગુરુવારે રંગોલી સ્પર્ધા અને બર્થ-ડે કેક મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શાળાના ધોરણ-૪,૫ અને ૮ના ૭૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ સુંદર કાર્ડ્સ અને રંગોળીનું સર્જન કર્યું હતું અને પોતાનામાં રહેલી આંતરિક શક્તિઓને ખીલવી હતી. વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક કળાને પ્રદર્શિત કરી આબેહૂબ સર્જન કરનાર વિદ્યાર્થીઓને તથા માર્ગદર્શક શિક્ષકોને શાળાનાં આચાર્ય નીવાબેન પટેલે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## બેન્ક ઓફ ઈન્ડિયા, ગાંધીનગર રિઝન દ્વારા સતર્કતા જાગરૂકતા સપ્તાહ અંતર્ગત
# ભ્રષ્ટાચાર વિષયે જાગૃતિ માટે રેલી-માનવસાંકળ







ભારત સરકાર અને કેન્દ્રીય સતર્કતા આયોગ દ્વારા નિર્દેશિત 'સતર્કતા જાગરૂકતા સપ્તાહ' દરમિયાન બેન્ક ઓફ ઈન્ડિયા રિઝનલ કાર્યાલય અને રિઝન અંતર્ગત આવતી શાખાઓ દ્વારા ભ્રષ્ટાચાર વિષયે જાગૃતિ ફેલાવવા માટે માનવસાંકળ રચવામાં આવી હતી તથા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર રિઝનલ મેનેજર શુભેન્દુ કુમાર બેહરા, વાઈસ રિઝનલ મેનેજર અંબુમણિ એમ અને એજીએમ પુષ્પા ચૌધરીએ આ પ્રસંગે ઉપસ્થિત રહી સ્ટાફમિત્રોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. બેન્કના કર્મચારીઓએ આ ઉપક્રમ દ્વારા સામાન્ય નાગરિકોને ભ્રષ્ટાચાર વિરુદ્ધ અવાજ ઊઠાવીને ભ્રષ્ટાચાર ખત્મ કરવા ને ભ્રષ્ટાચારમુક્ત ભારતનું સર્જન કરવા માટે અભિપ્રેરિત કર્યા હતા. આ માટે 'ભ્રષ્ટાચાર મિટાઓ, નયા ભારત બનાઓ' સૂત્ર આ માટે બેન્ક દ્વારા અપનાવવામાં આવ્યું છે.

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત
# શ્રી જે બી પ્રાથમિક શાળામાં રંગોલી અને બર્થ ડે કાર્ડ મેકિંગ સ્પર્ધા





ગાંધીનગર, તા. ૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળા ખાતે દિપાવલીના તાહેવારોને અનુલક્ષીને વિદ્યાર્થીઓ માટે રંગોલી અને બર્થ ડે કાર્ડ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શાળાના ધોરણ-૪-૫ અને ૮ના ૭૫ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લઈ સુંદર કાર્ડ્સ અને રંગોળીનું સર્જન કર્યું હતું અને પોતાનામાં રહેલી આંતરિક શક્તિઓને ઉજાગર કરી હતી.

આચાર્ય નીવાબેન પટેલે આ સુંદર ઉપક્રમ બદલ વિદ્યાર્થીઓ, માર્ગદર્શક શિક્ષકોને બિરદાવી તેમને અભિનંદન પાઠવ્યા હતા.

## ગુજરાત યુનિવર્સિટી ઈન્ટરકૉલેજ હોકી સ્પર્ધામાં
# શ્રી પી કે ચૌધરી આર્ટ્સ કૉલેજ રનર-અપ



ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ઝોન ઈન્ટરકૉલેજ હોકીની સ્પર્ધા ગુજરાત કૉલેજના ગ્રાઉન્ડ પર યોજાઈ હતી. આ સ્પર્ધામાં અમદાવાદ યુનિવર્સિટીની જુદી જુદી કૉલેજની ટીમોએ ભાગ લીધો હતો. જેમાં શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની હોકીની ટીમ પણ ભાગ લઈને સારું પરફોર્મન્સ આપીને ફાઈનલમાં પહોંચીને રનર-અપ બની હતી. આચાર્ય ડૉ. ઊર્મિલાબેન સી ચૌધરીએ સમગ્ર કૉલેજ પરિવાર વતી આ વિજેતા ટીમને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત
# એમ બી પટેલ કન્યા શાળામાં રંગોળી સ્પર્ધા





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલમાં ધોરણ-૬થી ૮ની વિદ્યાર્થિનીઓ દ્વારા રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૫ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા શાળાના સુપરવાઈઝર રાજેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. આ સ્પર્ધામાં પલકબા જયદીપસિંહ વાઘેલા, નિયતિ મુકેશભાઈ પરમાર, હેન્સી ધીરૂભાઈ મોતીવારસ વિજેતા બન્યાં હતાં. કાર્યક્રમ સંચાલન શિક્ષક ખુશ્બુબેન બારીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારની શાળાઓમાં સેવાકાર્ય





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારની શામળપુર, ભેટાલી આશ્રમ શાળા, અભાપુરમાં કુલ ૧૮૦ બાળકોને નવાં કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત વિદ્યાર્થીઓને નાસ્તો અને ગોઢમાં રમતગમત માટેનાં સાધનો પણ આપવામાં આવ્યાં હતાં. દિવાળી ટાણે નવાં કપડાં મેળવીને બાળકો ખુશખુશાલ થઈ ગયાં હતાં. નાસ્તાનું સૌજન્ય રાધે અને શિવોહમ તરફથી તથા કપડાંનું સૌજન્ય અરિહંત તરફથી પ્રાપ્ત થયું હતું.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ ૨૨મો મણકો ॥**

આગલા સત્યાગ્રહ વખતે એણે વિશ્વાસનો ભંગ કર્યો હતો. એ વિશ્વાસ કરવાલાયક માણસ નથી.' પણ આ તો ગાંધી હતા, વિરોધી વિશેય વિશ્વાસ રાખનારા માણસ. ગાંધીજીએ કહ્યું હતું : 'એ ૨૦ વખત મારા વિશ્વાસનો ભંગ કરશે તો હું ૨૧મી વખત એની પર વિશ્વાસ કરીશ.' કારણ કે વિશ્વાસ એ સમાજનો શ્વાસ છે, એના વિના સમાજ ટકી શકતો નથી. બુદ્ધ અને ઈશુએ પણ વિશ્વાસની વાત કરી છે.


ધીરે ધીરે આ કાળા કાયદાની બાબતમાં સંશોધન કરતાં એવી વાત બહાર આવી કે જે લોકો દક્ષિણ આફ્રિકામાં લોકોને ગેરકાયદે ઘૂસાડવાનો ધંધો કરે છે એ લોકો જ આ કાયદાનો વિરોધ કરતા હતા. ગાંધીજીને થયું કે આ તો ખોટું છે. આથી ગાંધીજી પોતાના આંગળાની છાપ અને પોતાની સહી સામેચાલીને આપવા તૈયાર થયા. પણ એનાથી ગાંધીજી સામે વિરોધનો સૂર ઊઠ્યો, 'જોયું ? ગાંધી બદલાઈ ગયો.'

જૂઠાણું ચલાવનારા લોકોની આ મોટી ખાસિયત છે. સત્યને બદલનારા તેનું વર્ણન નજરોનજર જોયું હોય એમ તેનું વર્ણન કરે છે. એ લોકો સત્યને તો બદલે જ છે, પણ જાણે ઘટના પોતે જોઈ હોય એમ તેનું વર્ણન કરે છે.

ગાંધીજી સામે પણ એવી જ વાતો ચાલી, 'ગાંધીજીને પંદર હજાર પાઉન્ડની લાંચ મળી તેથી સહી કરવા તૈયાર થયા.' ગાંધીજીએ આ જાણ્યું. તેમણે કહ્યું, 'મારા બેન્ક એકાઉન્ટ તપાસી જુઓ, મારા હિસાબના ચોપડા તપાસી જુઓ ને મારા આશ્રમની સંપત્તિ પણ તપાસી જુઓ. એ બધું થઈનેય પંદર હજાર પાઉન્ડની સંપત્તિ થાય છે ?'

પણ તોય વિરોધ તો થયો જ. એમાં મોટો સૂર હતો કેટલાક પઠાણોનો. આ પઠાણો મૂળ પિંજારાનો વ્યવસાય કરનારા. એ પઠાણો પૈકીના એક મીર આલમ નામના માણસે એવી જાહેરાત કરી હતી કે જે કોઈ માણસ પહેલી સહી કરશે એનો જાન હું લઈશ. જ્યારે 'પહેલી સહી હું કરીશ' એવી જાહેરાત ગાંધીજીએ કરી હતી અને એમ કરવા પોતે તૈયાર પણ થયા.

રજિસ્ટ્રારની ઑફિસે જવા નીકળ્યા ત્યારે મીર આલમ તેમના રસ્તામાં આવ્યો. 'ક્યાં જાઓ છો ?' એમ તેણે પૂછ્યું. મીર આલમ ગાંધીજીથી પરિચિત હતો કારણ કે અગાઉ તે તેમનો અસીલ રહી ચૂક્યો હતો. એ સમયે તે ગાંધીજીને મળતો ત્યારે ઉત્સાહથી 'અસ્સલામ વાલેકુમ ગાંધી સાહબ' એમ કહેતો ને ગાંધી પણ સામે જવાબ આપતા, 'વાલેકુમ અસ્સલામ.' પણ ગાંધીજીએ નોંધ્યું કે આજે તે એમ બોલ્યો નહીં. જોકે, ગાંધીજીએ 'અસ્સલામ વાલેકુમ' કહ્યું ત્યારે એણે સામે જવાબમાં 'વાલેકુમ અસ્સલામ' કહ્યું ખરું, પણ સામે ચાલીને એ બોલ્યો નહીં, એથી કંઈક ગડબડ છે એવું તો ગાંધીજીએ નોંધ્યું.






'ફલાણા રસ્તા પર આવેલી રજિસ્ટ્રારની ઑફિસમાં મારાં આંગળાની છાપ આપવા જાઉં છું.' ગાંધીજીએ વિગતે જવાબ આપ્યો ને જે વાત મીર આલમે નહોતી પૂછી તે પણ જણાવી દીધી.

જવાબ આપીને ગાંધીજી થોડા આગળ ચાલ્યા. ફરી મીર આલમે એ જ સવાલ પૂછ્યો, 'ક્યાં જાઓ છો ?'

ગાંધીજીએ ફરી જવાબ વાળ્યો ને ફરી આગળ ચાલ્યા. પણ પછી બહુ આગળ વધી શક્યા નહીં. ચાર-પાંચ પઠાણો આવી ચડ્યા ને તેમણે ગાંધીજી પર હૂમલો કર્યો, તેમને મારવાનું શરૂ કર્યું. ગાંધીજીને તમ્મર આવ્યાં ને તેઓ જમીન પર પડી ગયા. પડતાં પડતાં તેમના મોઢામાંથી બે શબ્દો સર્યા, 'હે રામ !'

આ નોંધવા જેવું છે. ગાંધીજીના જીવનના આદિ-મધ્ય અને અંત એ ત્રણેય બિંદુને જોડતી સરળ રેખા જો કોઈ હોય તો એ રામનામની હતી. જીવનનો આદિ ભાગ, જ્યારે ઘરમાંથી રાત્રે બહાર નીકળતાં બીક લાગતી હતી ત્યારે રંભાદાઈએ રામનામ લેવાનું કહ્યું હતું ને રામનામ લેતાં બહાર ગયા હતા. આ જીવનનો મધ્ય ભાગ જ્યારે બેહોશ થતાં પહેલાં રામનામ મોઢામાંથી નીકળ્યું અને જીવનના અંતભાગમાં જ્યારે ગોળીઓ ખાઈને ઢળી પડ્યા ત્યારેય મોઢામાં એ જ શબ્દો હતા, 'હે રામ !'

થોડાક માણસો દોડી આવ્યા ને પઠાણો ત્યાંથી નાસી ગયા. ગાંધીજી ભાનમાં આવ્યા. પહેલી વાત તેમણે રજિસ્ટ્રારની ઑફિસમાં પોતાની સહી કરવાની કરી. મદદે આવેલા લોકોએ કહ્યું, 'એ તો પછીય થશે. અત્યારે તમને હૉસ્પિટલ પહોંચાડવાની ચિંતા છે.' તો કહે, 'ના. મેં એવું કહ્યું છે કે પહેલી સહી મારી જ થશે, એટલે પહેલી સહી તો હું જ કરીશ.' તેમને સમજાવતાં કોઈએ એમ પણ કહ્યું કે એવું જ હોય તો 'પહેલી લાઈન ખાલી રાખીશું, એમાં તમે પછી સહી કરી દેજો.' પણ ગાંધીજી માન્યા નહીં. છેવટે રજિસ્ટ્રારની ઑફિસમાંથી કાગળ મંગાવાયા અને પહેલી સહી ગાંધીજીએ કરી.

'મીર આલમ ક્યાં ગયો ?' એ આ કામ પૂરું થયા પછીનો એમનો પહેલો પ્રશ્ન. લોકોએ કહ્યું કે એને તો પોલીસ પકડીને લઈ ગઈ. તો ગાંધીજીએ કહ્યું, 'હું જેમ મારી સમજ મુજબ વર્ત્યો છું એમ એ પણ એની સમજ મુજબ વર્ત્યો છે. એને કોઈ ત્રાસ ન આપશો.'

એ પછી ગાંધીજીએ કહ્યું કે જો કોઈ સંદેશો લખવા તૈયાર હોય તો હું એક સંદેશો આપવા માંગું છું. એક ભાઈ લખવા તૈયાર થયા અને ગાંધીજીએ સંદેશો આપ્યો, કોને ? કોમને સંદેશો આપ્યો. શું સંદેશો આપ્યો ? ''આને કોઈ કોમી પ્રશ્ન બનાવશો નહીં. મારી તો આશા છે કે મારાં લોહીથી ખરડાયેલાં કપડાં થકી દેશની બે કોમોના હાથ મજબૂત રીતે જોડાય.''

સત્યપાલન માટે તેમણે પોતાની સહી કરી હતી. એ પછી મીર આલમ સામે ફરિયાદ ન કરીને ક્ષમાદાન પણ કર્યું હતું ને હવે કોમના ઉદ્ધારની વાત પણ તેમણે જ કરી.

એ પછી એક પાદરી નામે જૉસેફ ડોક ગાંધીજીને પોતાને ઘેર લઈ ગયા. ગાંધીજી ત્યાં રહ્યા.... (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ